**અદાણી પાવર અને એસ્સાર પાવર સાથે ગુજરાત સરકારના પાવર પરચેઝ એગ્રીમેન્ટ બાબત**

*** 15/8/541 : શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા** (વિસાવદર) **: માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્ય સરકારના વીજળી ખરીદવાના અદાણી પાવર લિ. અને એસ્સાર પાવર ગુજરાત લિ. પાસેથી પરચેઝ એગ્રીમેન્ટ થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત એગ્રીમેન્ટ કયારે, કેટલા વર્ષ માટે, કયા ભાવે કરવામાં આવ્યા, | (૨) |

| કંપની નું નામ | પાવર પરચેઝ એગ્રીમેન્ટ તારીખ | સમયગાળો | (રૂ./યુનિટ) |
|---|---|---|---|
| અદાણી પાવર લિમિટેડ | ૦૬.૦૨.૨૦૦૭ (બીડ–૧)<br>૦૨.૦૨.૨૦૦૭ (બીડ–૨) | ૨૫ વર્ષ | ૨.૮૯ (બીડ–૧)<br>૨.૩૫ (બીડ–૨) |
| એસ્સાર પાવર લિમિટેડ | ૨૬.૦૨.૨૦૦૭ | ૨૫ વર્ષ | ૨.૪૦ |

વીજ કરાર મુજબ ઉલ્લેખિત પ્રતિ યુનિટનો દર, કરાર અવધિ દરમિયાનનો લેવલાઈઝ્ડ દર છે જે વીજ ઉત્પાદન પ્રોજેક્ટના સમગ્ર જીવનકાળ દરમિયાનનો સરેરાશ દર એટલેકે નેટ પ્રેજન્ટ વેલ્યુ (Net present value)દર્શાવે છે. આથી દર વર્ષનો દર (ટેરીફ) લેવલાઈઝ્ડ ટેરીફ કરતાં અલગ હોય છે તથા કરારમાં કાયદા માં થતાં ફેરફાર (change In law), ફોરેન એક્સ્ચેંજ રેટ વેરીએશન(FERV) ની જોગવાઈઓના કારણે પણ બદલાતો હોય છે.

(૩) ઉક્ત એગ્રીમેન્ટ કર્યા બાદ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ભાવવધારો, કેટલા સમય માટે આપવામાં આવ્યો, અને

(૩) વર્ષ ૨૦૧૦ માં ઇન્ડોનેશિયા સરકાર દ્વારા કોલસાના નિકાસભાવને આંતરરાષ્ટ્રીય ભાવ સાથે સંલગ્ન કરવા માટે કાયદાકીય ફેરફાર કરવામાં આવેલ. જે અનુસાર ઇન્ડોનેશિયા સરકાર દ્વારા જે તે મહિના(માર્ચ ૨૦૨૫થી પખવાડીઆ માટે) માટે કોલસાના ભાવ નિર્ધારિત કરતી HBA index જાહેર કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭ દરમિયાન ઉપરોક્ત વીજમથક દ્વારા કોલસાના ભાવમાં વધારાના કારણે વીજઉત્પાદન બંધ કરી દેવામાં આવેલ અને ઉત્પન્ન થતી એનર્જીના ચાર્જમાં આયાતી કોલસાના ભાવને અનુરૂપ વધારાની માગણી કરવામાં આવેલ.

આયાતી કોલસા આધારિત વીજપ્રોજેક્ટના મુદાઓના નિરાકરણ માટે કેન્દ્ર સરકારના નિર્દેશ મુજબ રાજ્ય સરકાર દ્વારા શ્રી આર. કે. અગ્રવાલ (પૂર્વ સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ)ની અધ્યક્ષતા હેઠળની રચાયેલ હાઈપાવર કમિટીની ભલામણને રાજ્ય સરકાર દ્વારા તા. ૦૧.૧૨.૨૦૧૮ ના ઠરાવ થકી થોડા સુધારા સાથે સ્વીકારવામાં આવેલ. તે મુજબ ૦૫.૧૨.૨૦૧૮ ના રોજ અદાણી પાવર લી. સાથે બંને વીજકરાર માટે સપ્લીમેન્ટલ કરાર કરવામા આવેલ જે કેન્દ્રિય વીજ નિયમન આયોગ દ્વારા મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ, બદલાયેલ પરિસ્થીતીઓને ધ્યાનમાં રાખતા, વીજદરની ગણતરીમાં લેવામાં આવતો કોલસો મેળવવાનો ખર્ચ વ્યાજબી અને પારદર્શક રીતે પાસ થ્રુ (pass-through) થઇ શકે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા તા.૨૫.૦૨.૨૦૨૨ના ઠરાવ થકી સપ્લીમેન્ટરી કરારોમાં જરૂરી સુધારા મંજુર કરવામાં આવેલ છે જે મુજબ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા.૩૦.૦૩.૨૦૨૨ના રોજ રીવાઈઝ્ડ સપ્લીમેન્ટલ કરાર કરવામાં આવેલ છે. જે અંતગર્ત હાલમાં એનર્જી ચાર્જની ચુકવણી પ્રોવિઝનલ દરે કરવામાં આવે છે.

વધુમાં, એસ્સાર પાવર સાથે, ગુજરાત સરકારશ્રીના ઠરાવ તારીખ

૦૧.૧૨.૨૦૧૮, ૦૫.૦૬.૨૦૨૧ અને ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ ના પરિપત્ર તારીખ ૧૦.૧૦.૨૦૨૩ મુજબ, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા તારીખ ૦૫.૦૧.૨૦૨૪ ના રોજ રીવાઈઝડ સપ્લીમેન્ટલ કરાર કરવામાં આવેલ છે જેને ગુજરાત વીજ નિયમન આયોગ (GERC) દ્વારા તારીખ ૦૯.૧૨.૨૦૨૪ ના રોજ મંજુર કરવામાં આવેલ છે. જે અંતગર્ત હાલમાં એનર્જી ચાર્જની ચુકવણી પ્રોવિઝનલ દરે કરવામાં આવે છે.

આમ, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અદાણી પાવર તેમજ એસ્સાર પાવરને કરાર ની શરતો સિવાય નિશ્ચિત સમયગાળા માટે અન્ય કોઈ ભાવ વધારો આપવામાં આવેલ નથી. આમ, છેલ્લા બે વર્ષ માં અદાણી પાવર તેમજ એસ્સાર પાવરને કરારની શરતો મુજબ જ ભાવ વધારો આપવામાં આવેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે અદાણી પાવર પાસેથી કેટલા ખર્ચેથી કેટલી વીજળીની ખરીદી કરી?

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જીયુવિએનએલ દ્વારા અદાણી પાવર પાસેથી ખરીદેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મિલિયન યુનિટ | કુલ ખર્ચ (રૂ–કરોડ) |
|---|---|---|
| ૨૦૨૪ | ૧૫૪૯૨ | ૮૦૯૫ |
| ૨૦૨૫ (પ્રોવીજનલ) | ૧૩૨૨૩ | ૭૩૦૦ |

-------